પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ | વર્ષ : ૨૮ અંક : ૧૬૩ કુલ પાના : ૪ તારીખ : ૦૪-૦૩-૨૦૨૫ મંગળવાર | કિંમત રૂ.૧.૫૦/-

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


# સાસણ ગીરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ખુલ્લી જીપમાં બેસીને સિંહ દર્શન કર્યા





જૂનાગઢ

જૂનાગઢના સાસણગીરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સિંહ દર્શન કર્યા હતા. આજે વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડેના દિવસેં મોદીએ જંગલ સફારી માણી હતી. તેઓ વનમંત્રી અને વનવિભાગના અધિકારીઓ સાથે જંગલ સફારીએ નીકળી પડ્યા હતા. સોમવારે વહેલી સવારે ૬ વાગ્યે પ્રધાનમંત્રી સાસણ વાઈલ્ડ લાઈફ સેન્ચ્યુરી જવા રવાના થયા હતા. ભંભાફોલ નાકા પાસેથી ખુલ્લી જીપમાં સવાર થઈને પીએમ મોદીએ સિંહ દર્શન કર્યા તેની અદભૂત તસવીરો સામે આવી છે. તેમણે કનકાઈ ચેકપોસ્ટ સુધી જંગલ સફારી કરી હતી તેમણે ભંભાફોળ, રાયડી, ડેડકડી, કેરંભા, ખડા, પીળીપાટ, રતનધુનાથી કનકાઈ ચેકપોસ્ટ સુધીની સફારી માણી હતી.

દરમિયાન આજે વિશ્વ વન્યજીવન દિવસ નિમિત્તે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દેશના નાગરિકોને પૃથ્વી પરની અવિશ્વસનીય જૈવવિવિધતાના રક્ષણ અને જાળવણી માટે તેમની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરવા હાકલ કરી હતી. વિશ્વ વન્યજીવન દિવસ સૌપ્રથમ ૨૦૧૪ માં ઉજવવામાં આવ્યો હતો. આ દિવસ ઉજવવાનો હેતુ વિશ્વભરના પ્રાણીઓના સંરક્ષણને સુનિશ્ચિત કરવાનો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એકસ' પર લખ્યું છે કે, "આજે, વિશ્વ વન્યજીવન દિવસ પર, ચાલો આપણે આપણા ગ્રહની અજોડ જૈવવિવિધતાના રક્ષણ અને જાળવણી માટે આપણી પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરીએ. દરેક પ્રજાતિ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે – ચાલો આપણે ભવિષ્યની પેઢીઓ માટે તેમના ભવિષ્યનું રક્ષણ કરીએ!" તેમણે કહ્યું કે, તેમને વન્યજીવોના સંરક્ષણમાં ભારતના યોગદાન પર ગર્વ છે.

આ મુલાકાતમાં તેમનો અલગ અંદાજ જોવા મળ્યો છે. વડાપ્રધાન બન્યા પછી પીએમ મોદીનો સાસણ અને સફારીનો આ પ્રથમ કાર્યક્રમ છે.વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે નિમિતે ફોરેસ્ટ મહિલા બીટ ગાર્ડને પેટ્રોલિંગ માટે બાઈક વિતરણ કર્યુ છે. મહત્વનું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વન્ય સંરક્ષણ અને વન્ય પ્રાણી દેખરેખ નીતિરીતિ પગલે સિંહોની સુરક્ષા વધારો થયો છે.

પ્રધાનમંત્રી દ્વારા ૨૦૨૦માં સિંહોના સંવર્ધન અને સંરક્ષણ માટે પ્રોજેકટ લાયનની જાહેરાત કરી હતી. જે અંતર્ગત ૨૦૧૦માં થયેલી સિંહોની ગણતરી બાદ ૧૦૦ ટકા વસ્તી વધારો થયો હોવાનું જાણકારી મળી રહી છે.આમ તો એશિયાટિક સિંહોનું એક માત્ર ઘર સાસણ હોવાનું અને સિંહોના સંરક્ષણ અને સંવર્ધન પ્રોજેકટ હજુ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વધુ વેગ આજના પ્રવાસની મળશે તે મુજબ આશા વ્યકત કરવામાં આવી રહી છે. ઉલ્લેખનીય છે કે, આજે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાતના પ્રવાસનો બીજો દિવસ છે. સૌરાષ્ટ્રના પ્રવાસ અંતર્ગત સાંજે સાસણગીર પહોંચ્યા હતા. પ્રધાનમંત્રીએ સિંહ સદનમાં રાત્રિ રોકાણ કર્યુ હતું. વડાપ્રધાન મોદીએ રવિવારે તેમના ગૃહ રાજ્ય ગુજરાતની તેમની ત્રણ દિવસીય મુલાકાતના બીજા દિવસે, ગીર સોમનાથ જિલ્લામાં સ્થિત પ્રતિષ્ઠિત સોમનાથ મંદિરમાં પૂર્ણ વિધિઓ સાથે ભગવાન શિવની પૂજા કરી હતી. તેમણે સોમનાથ મહાદેવનો જળા ભિષેક પણ કર્યો હતો.

## સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક નિર્ણય, હવે અંધ લોકો પણ ન્યાયાધીશ બની શકે છે

નવીદિલ્હી

ભારતની સુપ્રીમ કોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે અંધ લોકો પણ ન્યાયાધીશ બની શકે છે. કોર્ટે કહ્યું છે કે અંધ લોકોને પણ ન્યાયિક સેવાઓમાં નિમણૂકનો અધિકાર છે. ચાલો જાણીએ કે સુપ્રીમ કોર્ટે આ મામલે બીજું શું કહ્યું છે.

આ મામલે પોતાનો ચુકાદો આપતી વખતે, સુપ્રીમ કોર્ટે સ્પષ્ટપણે કહ્યું છે કે અપંગતાના આધારે કોઈને પણ ન્યાયિક સેવાઓમાંથી બાકાત રાખી શકાય નહીં. આ સાથે, સુપ્રીમ કોર્ટે પોતાના નિર્ણયમાં મધ્યપ્રદેશ સરકારના શાસનને રદ કરી દીધું છે.

બીજા એક નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે છત્તીસગઢ કોલસા કૌભાંડ કેસમાં સસ્પેન્ડ કરાયેલા છજી અધિકારીઓ રાનુ સાહુ, સૌમ્યા ચૌરસિયા અને ઉદ્યોગપતિ સૂર્યકાંત તિવારીને વચગાળાના જામીન આપ્યા છે. ભ્રષ્ટાચાર વિરોધી શાખા દ્વારા દાખલ કરાયેલા કેસમાં આ વચગાળાના જામીન મંજૂર કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ કેસમાં તપાસમાં ઘણો સમય લાગશે, તેથી સમય માંગી લેતી પ્રક્રિયાને ધ્યાનમાં રાખીને, અરજદારોને વચગાળાના જામીન પર મુક્ત કરવાનું યોગ્ય માને છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે જો કોઈ વ્યક્તિ સાક્ષીને પ્રભાવિત કરવામાં, પુરાવા સાથે છેડછાડ કરવામાં અથવા તપાસમાં અવરોધ ઉભો કરવામાં સંડોવાયેલ જણાય તો રાજ્ય સરકાર વચગાળાના જામીન રદ કરવા માટે કોર્ટનો સંપર્ક કરી શકે છે અને તે કિસ્સામાં વચગાળાના જામીન રદ કરવામાં આવશે.

સુપ્રીમ કોર્ટે માહિતી ટેકનોલોજી (જાહેર જનતા દ્વારા માહિતીની ઍક્સેસને અવરોધિત કરવા માટેની કાર્યવાહી અને સલામતી) નિયમો, ૨૦૦૯ ની કેટલીક જોગવાઈઓને પડકારતી પીઆઈએલ પર કેન્દ્રને નોટિસ જારી કરી છે. સુપ્રીમ કોર્ટે આ મામલે કેન્દ્ર સરકાર પાસેથી છ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. સોફ્ટવેર ફ્રીડમ લો સેન્ટર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે 'એકસ' જેવા પ્લેટફોર્મ પરથી માહિતી દૂર કરતા પહેલા, તેના મૂળકર્તાને નોટિસ આપવી આવશ્યક છે.

## ગુજરાતમાં આદિવાસી સમાજ પરિવર્તનના માર્ગે, કુરિવાજોને દૂર કરવા અનોખી પહેલ કરી

દાહોદ

લીમખેડાના મોટા હાથીધરા ખાતે દાહોદ, પંચમહાલ અને મહિસાગર જીલ્લાના આદિવાસી સમાજનું મહાસંમેલન યોજાયું હતું. રાજયના શિક્ષણ અને આદિજાતિ મંત્રી ડૉ.કુબેર ડિંડોરના અધ્યક્ષ સ્થાને આ મહાસંમેલન આયોજિત કરાયું હતું. જેમાં આદિવાસી સમાજમાં લગ્નમાં દીકરીઓના દહેજ, દારૂ અને ડીજે પર પ્રતિબંધની માંગ કરવામા આવી છે. એક તરફ શિક્ષણનું સ્તર ઓછું અને બીજી તરફ હોળી બાદ લગ્ન સીઝન શરુ થતી હોઈ દહેજ પ્રથા બંધ કરવા હાકલ કરાઈ. લગ્નમાં થતા ખોટા ખર્ચને પગલે સમાજ દેવાના બોજના પગલે મોટા શહેરો તરફ મજુરી માટે હિજર કરતા ચિંતા વિષય બન્યો છે. દિકરી ના લગ્નમાં દહેજ, દારુ અને ડીજેના ખોટા ખર્ચને બદલે આદિવાસી સમાજની સંસ્કૃતિ મુજબ લગ્ન કરવા અપીલ કરાઈ.

પંચમહાલ, મહીસાગર અને દાહોદ જિલ્લાના ભીલ સમાજ પંચે આજે મોટા હાથીધરા, લીમખેડા ખાતે એક મહત્વપૂર્ણ મહાસંમેલનનું આયોજન કર્યુ. આ સંમેલનમાં સમાજમાં પ્રવર્તમાન કુરિવાજો સામે મોટો નિર્ણય લેવામાં આવ્યા છે.

શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડીડોરની ઉપસ્થિતિમાં યોજાયેલા આ સંમેલનમાં લગ્ન પ્રસંગોમાં દહેજ, દારૂ અને ડીજેના ઉપયોગ પર પ્રતિબંધની માંગ કરવામાં આવી. આદિવાસી ડીજે સંચાલક એસોસિએશને કરેલી રજૂઆત બાદ મંત્રીએ મર્યાદિત અવાજમાં આદિવાસી સંસ્કૃતિને અનુરૂપ ગીતો વગાડવાની મંજૂરી આપી.

આઝાદીના ૭૫ વર્ષ પછી પણ આ વિસ્તારમાં શિક્ષણનું સ્તર ચિંતાજનક રીતે નીચું છે. હોળી બાદ શરૂ થતી લગ્નસરામાં કન્યાઓ પાસેથી ભારે દહેજની માંગ કરવામાં આવે છે. આના કારણે સમાજ આર્થિક રીતે નબળો બની રહ્યો છે. દેવાના બોજ હેઠળ લોકોને મજૂરી માટે સ્થળાંતર કરવું પડે છે. જે બાળકોના શિક્ષણને પણ અસર કરે છે.

ગુજરાતમાં દારૂબંધી હોવા છતાં લગ્ન પ્રસંગોમાં દારૂનો ઉપયોગ થાય છે. પોલીસ પણ આ બાબતે દુર્લક્ષ સેવે છે. ડીજેના ઊંચા અવાજથી બાળકો, મહિલાઓ અને વડીલોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર થાય છે. આ સામાજિક દૂષણો દૂર કરવા માટે ભીલ સમાજ પંચે આ મહાસંમેલન યોજ્યું હતું.

## સૌની યોજના દ્વારા' સુરેન્દ્રનગર જિલ્લાના કુલ ૪૯ ગામોને સિંચાઈ માટે નર્મદાનું પાણી અપાશે



ગાંધીનગર

રાજયના વિધાનસભા ગૃહમાં આજે ૦૩જી માર્ચે સુરેન્દ્રનગરમાં સિંચાઈ માટે જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ જવાબ આપતા જણાવ્યું કે સુરેન્દ્રનગર જિલ્લામાં ૪૯ ગામોને સિંચાઈ માટે 'સૌની યોજના' થકી નર્મદાનું પાણી આગામી સમયમાં પૂરુ પાડવામાં આવશે તેમ મંત્રીએ ગૃહમાં જણાવ્યું હતું.સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ, મુળી અને સાયલા વિસ્તાર આજથી ૨૫-૩૦ વર્ષ પહેલા સુકો ભઠ્ઠ હતો. તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મા નર્મદાના વધારાના વહી જતા નીરને 'સૌની યોજના' થકી સૌરાષ્ટ્રને આપવાનો મહત્વનો નિર્ણય કર્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર 'જે બોલે છે તે કરે છે' તે મંત્રને ચરિતાર્થ કરતા સુરેન્દ્રનગરના વઢવાણ, મુળી તથા સાયલા તાલુકાના ૩૮ ગામોને સૌની યોજના થકી સિંચાઈનો લાભ આપવામાં આવશે,આ માટેની ટેન્ડરની પ્રક્રિયા પણ પૂર્ણ થઈ ગઈ છે. આ સિવાય હળવદના ૧૧ ગામોને પણ આ યોજના હેઠળ પાણી આપવા માટે રૂ. ૪૧ કરોડના વર્ક ઓર્ડર આપી દેવામાં આવ્યા છે?, આમ કુલ ૪૯ ગામોને નર્મદાના પાણીનો લાભ મળશે, તેમ? આજે વિધાનસભા ગૃહમાં ધારાસભ્ય દ્વારા પૂછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું.

મંત્રી કુંવરજી બાવળિયાએ વધુ વિગતો આપતા કહ્યું કે, આ સિવાય સૌની યોજના હેઠળ વઢવાણ, મૂળી અને ધ્રાંગધ્રા વિસ્તારમાં રૂ. ૨૯૩ કરોડના કામો મંજૂર કરીને તેના વર્ક ઓર્ડર પણ આપી દેવામાં આવ્યા છે. ઉપરાંત વધુમાં આ વિસ્તારના ૪૪ ગામોને સૌની યોજના હેઠળ પાણી મળી રહે તે માટે અગાઉ શરૂ કરાયેલી રૂ. ૨૬૫ કરોડની યોજના અંતિમ તબક્કામાં છે, જેના પરિણામે અંદાજે ૨૭૦૭ હેક્ટર વિસ્તારને પિયતનો લાભ મળશે તેમ, મંત્રીએ ગૃહમાં વિગતો આપતાં ઉમેર્યું હતું.

## જ્ઞાનપ્રકાશ સ્વામીના પ્રવચન દરમિયાન જલારામ બાપા પર વિવાદાસ્પદ નિવેદન આપ્યું



સુરત

સુરત સ્વામિનારાયણ સંપ્રદાયના સંત જ્ઞાનપ્રકાશ સ્વામીએ અમરોલીમાં આપેલા એક પ્રવચને ભારે વિવાદ જગાવ્યો છે. તેમના પ્રવચનમાં, તેમણે જલારામ બાપા અને ગુણાતીત સ્વામી વચ્ચેના સંબંધો વિશે કેટલાક વિવાદાસ્પદ દાવા કર્યા હતા. તેમણે દાવો કર્યો હતો કે વીરપુરનું અન્નક્ષેત્ર ગુણાતીત સ્વામીના આશીર્વાદથી ચાલે છે, અને જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતીત સ્વામી સાથે ગાઢ રીતે જોડાયેલો છે.

જ્ઞાનપ્રકાશ સ્વામીએ વધુમાં જણાવ્યું હતું કે જલારામ બાપાએ ગુણાતીત સ્વામીની લાંબા સમય સુધી સેવા કરી હતી, અને તેમને દાળ-બાટીનો પ્રસાદ પણ ખવડાવ્યો હતો. તેમણે એમ પણ કહ્યું કે જલારામ બાપાએ ગુણાતીત સ્વામીના આશીર્વાદ લીધા હતા. આ નિવેદનોએ જલારામ બાપાના ભક્તો અને રઘુવંશી સમાજમાં ભારે રોષ જગાવ્યો હતો.

જલારામ બાપાના ભક્તોએ જ્ઞાનપ્રકાશ સ્વામીના નિવેદનોને જલારામ બાપાનું અપમાન ગણાવ્યું હતું. રઘુવંશી સમાજે જ્ઞાનપ્રકાશ સ્વામીની જાહેરમાં માફીની માંગ કરી હતી. વિવાદ વધતાં, જ્ઞાનપ્રકાશ સ્વામીએ આખરે માફી માંગી હતી, અને તેમનો માફી માંગતો વીડિયો પણ જાહેર કરવામાં આવ્યો હતો. આ ઘટનાએ ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડી હતી અને સમાજમાં ચર્ચાનું કેન્દ્ર બની હતી.

## મહેસાણામાં મનરેગા યોજનામાં તપાસ કરતા બોગસ જોબકાર્ડનો પર્દાફાશ થયો




મહેસાણા

મહેસાણામાં મનરેગા યોજનાની તપાસ થતા બોગસ જોબકાર્ડનો પર્દાફાશ થયો છે. મહેસાણાનાં પામોલમાં તપાસ કરતા આ ભાંડો ફૂટયો હતો. જેમાં આશાવર્કર અને ફઝઈ લાભાર્થી બની ગયા હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી. તે સિવાય ૯૦ હજાર રૂપિયાનું બંનેએ વેતન લઈ લીધું હતું. લોકપાલની તપાસમાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. બંને પાસેથી વેતન રિકવર કરવામાં આવ્યું છે.

મહેસાણાના પામોલમાં મનરેગા યોજનામાં બોગસ જોબકાર્ડ બનાવી ૯૦ હજાર લઈ લીધા હોવાનો મામલો સામે આવ્યો છે. આશા વર્કર અને વીસીઈ મનરેગા યોજનાનાં લાભાર્થી બની ગયા હતા. આશાબેન બાવા અને ચૌધરી હસમુખભાઈ નામનાં વ્યક્તિ ખોટા લાભાર્થી બની ગયા હોવાનો તપાસમા ખુલાસો થયો છે.

લોકપાલની તપાસ બાદ ૯૦ હજાર રૂપિયા રિકવર કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમજ બંને પાસેથી મનરેગા યોજનામાંથી લીધેલ ૯૦ હજાર જેટલું વેતન રિકવર કરાયું છે. આશાબેન બાવાએ ૨૦૨૦થી ૨૦૨૪ સુધી ૪ વર્ષમાં કુલ રૂા. ૪૦,૧૭૫ રૂપિયા મેળવ્યા હતા. તેમજ હસમુખભાઈ ચૌધરીએ ૨૦૨૨ થી ૨૦૨૪ સુધી બે વર્ષ દરમ્યાન રૂા. ૫૦,૦૮૨ મેળવ્યા હતા.

## પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે ભીષણ લડાઈ, તોરખામ ક્રોસિંગ પર અંધાધૂંધ ગોળીબાર



પેશાવર

સોમવારે વહેલી સવારે એક મુખ્ય સરહદ ક્રોસિંગ પોઈન્ટ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો. બે પડોશી દેશો વચ્ચેના વિવાદને કારણે આ સ્થળ એક અઠવાડિયાથી વધુ સમયથી બંધ છે. ગોળીબારમાં તોરખામ ક્રોસિંગની બંને બાજુ કોઈ જાનહાનિના અહેવાલ નથી. રવિવારે બંને દેશોના અધિકારીઓએ સરહદ ખોલવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે બેઠક યોજી હતી પરંતુ આ મુદ્દાનો કોઈ ઉકેલ આવ્યો ન હતો.

અફઘાનિસ્તાન દ્વારા ત્યાં નવા બોર્ડર ક્રોસિંગના નિર્માણ સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હોવાથી આ ક્રોસિંગ ૧૧ દિવસથી બંધ છે. ગોળીબારને કારણે બંને દેશોએ અગાઉ તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા. આ ક્રોસિંગ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વેપાર અને મુસાફરી માટે મહત્વપૂર્ણ છે.

એક પાકિસ્તાની અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તાલિબાન સુરક્ષા દળોએ સોમવારે વહેલી સવારે કોઈપણ ઉશ્કેરણી વિના પાકિસ્તાની સરહદ ચોકીને નિશાન બનાવીને ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાની જવાનોએ પણ વળતો જવાબ આપ્યો. કાબુલમાં તાલિબાન સરકાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

**અરજદારઃ– પટેલ હર્ષદભાઈ પ્રભુદાસ,રહે.ધારાપુર,તા.શહેરા, જિ.પંચમહાલ.**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, અણીયાદ, તા.શહેરા,જી.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પત્નિ નામે પટેલ કૈલાશબેન રમણભાઈનો તા.૦૨/૦૯/૧૯૬૮ ના રોજ મોજે.અણીયાદ, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પત્નિના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૩૩/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.

આજ તા. ૦૩.માહેઃ– માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

**અરજદારઃ– બારીઆ વજાભાઈ અમરાભાઈ, રહે.ગુણેલી, તા.શહેરા, જી.પંચમહાલ.**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ– તલાટી કમ મંત્રીશ્રી, ગુણેલી, તા.શહેરા, જિ.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના પૌત્ર નામે બારીઆ જયપાલભાઈ દશરથભાઈનું તા.૨૭/૧૦/૨૦૧૭ ના રોજ મોજે.ગુણેલી, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે જન્મ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે પૌત્રના જન્મની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૭૦/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે જન્મની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૩ માહેઃ– માર્ચ. . સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

### મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ શહેરાની કોર્ટમાં મુ.શહેરા, તા.શહેરા.

**અરજદારઃ– પગી મનુભાઈ ભુરાભાઈ, રહે.સાડી સમડી ફળીયું, શહેરા,તા.શહેરા, જી.પંચમહાલ.**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ– જન્મ–મરણ સબ રજીસ્ટારશ્રી, નગરપાલીકા શહેરા,તા.શહેરા, જિ.પંચમહાલ.**

આથી જાહેર જનતાને આ નોટીસ દવારા જણાવવાનું કે, ઉપરોકત અરજદારશ્રીના માતાનામે પગી મસુરીબેન ભુરાભાઈનો તા.૦૮/૧૧/૨૦૧૧ ના રોજ મોજે.શહેરા, તા.શહેરા, જિ.પંચમહાલ મુકામે મરણ થયેલ. જે બાબતની નોંધ જે તે વખતે અરજદારની ભુલ શરતચુક અને કાયદાની અજ્ઞાનતાના કારણે સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરે નોંધણી કરાવવાની રહી ગયેલ હોઈ અરજદારે માતાના મરણની નોંધણી કરાવવાનો હુકમ મેળવવા અપીલ નં.૪૪/૨૦૨૫ થી અત્રેની કોર્ટમાં અરજ કરેલ છે. જેથી સદર અરજી કે મરણની નોંધણી સામે કોઈનો વાંધો કે તકરાર હોય તો સદર જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦ માં અત્રેની કોર્ટમાં લેખીત વાંધા રજુ કરવો. જો મુદત સમયમાં કોઈ વાંધો કે તકરાર નહી આવે તો અત્રેની કોર્ટ દવારા યોગ્ય તે હુકમ કરવામાં આવશે તેની અચુક નોંધ લેશો.આજ તા. ૦૩ માહેઃ– માર્ચ, સને ૨૦૨૫ નાં રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
મામલતદાર
અને
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ શહેરા

### મે. ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

**જન્મ મરણ અરજી નં.૬૦૯/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫**

**અરજદારઃ–બારીઆ પુનાભાઈ સરદારભાઈ, રહે. ગજાપુરા(કાદુ), તા.ઘોઘંબા, જિ.પંચમહાલ**

**વિરૂદ્ધ**

**સામાવાળાઃ–જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગજાપુરા(કાંદુ) . ગજાપુરા(કાદુ), ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જિ. પંચમહાલ**

**–:: હુંકમ ::–**

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પૌત્રી નામે બારીઆ જયોતિકાબેન રમેશભાઈ નો જન્મ તાઃ૧૪/૦૧/૨૦૧૦ ના રોજ રહે.ગજાપુરા(કાદુ)તા. ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પૌત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન– ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.તા, ૨૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ . ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

# છોટાઉદેપુર જીલ્લામાં આવેલા બ્રિજના રક્ષણ માટે સરકાર ચેકડેમ બનાવે એ જરૂરી પૂર્વ રાજ્યસભા સાંસદ નારણ રાઠવાનું સૂચન





છોટાઉદેપુર જીલ્લામાં આવેલા બ્રિજના રક્ષણ માટે સરકાર ચેકડેમ બનાવે એ જરૂરી પૂર્વ રાજ્યસભા સાંસદ નારણ રાઠવાનું સૂચનજીલ્લામાં આવેલ બ્રિજની ફરતે બેફામ રેતી ખનનને કારણે ભવિષ્યમાં મોટું નુકસાન જવાની ભીતિ સેવાઈ રહી છે જે બાબતે અગાઉથી પગલા લેવા જરૂરી પાવીજેતપુર થી રંગલી ચોકડી તરફ જતા બ્રિજના પણ પાયા દેખાય આવ્યા.

છોટાઉદેપુર,

છોટાઉદેપુર જીલ્લા માંથી પસાર થતો નેશનલ હાઈવે નંબર ૫૬ અને સ્ટેટ હાઈવે ૬૨ ઉપર જીલ્લાની નદીઓ ઉપર બ્રિજ બનાવવામાં આવ્યા છે. આ બ્રિજ ઘણા જુના થઈ ગયા છે, તેમની મર્યાદા પૂર્ણ થઈ ગઈ હોય તેવા સમયે આવેલ બ્રીજોની ફરતે બેફામ રેતી ખનન થઈ ગયું છે. અને બ્રિજના પાયા ખુલ્લા દેખાઈ રહ્યા છે. આ પરિસ્થિતિમાં ગત વર્ષે ચોમાસામાં પાણીનો માર સહન ન થતા છોટાઉદેપુર નેશનલ હાઈવે નંબર ૫૬ ઉપર ભારજ નદી ઉપરનો બ્રિજ તૂટી પડ્યો હતો જેનાથી સરકારને પણ નુકસાન ગયું છે અને પ્રજાને પણ હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. હાલમાં બનાવેલા ૪ કરોડના ડાઈવર્ઝન ઉપર વાહન વ્યવહાર ચાલી રહ્યો છે. જ્યારે નવા બનાવવામાં આવેલ રેલવેના અને માર્ગના બ્રિજ બચી ગયા છે, તેના રક્ષણ માટે ઓરસંગ નદીમાં ભારજ નદીમાં અને મેરિયા બ્રિજની ૫૦૦ મીટર પાછળના ભાગે ચેકડેમ બનાવવા જોઈએ, જેથી પાણી અટકી જાય રેતીનું ધોવાણ થાય નહિ અને બ્રિજના પાયાને વધુ નુકસાન થાય નહી. તે બાબતે અગાઉથી સાવચેતી રાખી પગલાં ભરવા જોઈએ તેવું પૂર્વ રાજ્ય સભાસાંસદ અને રેલ રાજ્ય મંત્રીએ જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, નિયમો પ્રમાણે જ્યાં આગળ બ્રિજ પસાર થતા હોય તેની ફરતે રેતીનું ખોદકામ કરવું નહીં ત્યાં લીઝો પણ ફાળવવામાં આવતી નથી. ત્યારે છોટાઉદેપુર જીલ્લાની નદીઓ ઉપર બનાવેલા બ્રિજના બધા પાયા દેખાવા લાગ્યા છે, રેતીનું સ્તર ઘટી ગયું છે. આ એક બેફામ ગેરકાયદેસર રેતી ખનન બાબતેનો પુરાવો છે. નદીઓમાં કોઈ જગ્યાએ ટ્રક તથા કોઈ જગ્યાએ મશીનો અને ટ્રેકટરો ઉતારીને બેફામ રેતી ખનન થઈ રહ્યું છે. પરંતુ કોઈ અટકાવતું નથી જેથી હવે સરકારી સંપત્તિ અને પ્રજા ઉપયોગી સંપતિને નુકસાન જઈ રહ્યું છે. જીલ્લાના પાવીજેતપુર થી માત્ર એક કિલોમીટર આવેલ વન કુટેર થી જંગલી ચોકડી તરફ જતા ઓરસંગ નદીના બ્રિજના પિલ્લર ૧૫ થી ૨૦ ફુટ ખુલ્લા દેખાઈ રહ્યા છે. જેનું ફૂલની આસપાસ રેતીલીસમાં ભારે ગેરકાયદેસર ખોદકામ થતું હોય જીલ્લા કક્ષાના અધિકારીઓ આ રસ્તેથી પસાર થતા હોય છે, પરંતુ તેઓના ધ્યાને આ વાત આવતી નથી.

છોટાઉદેપુર જીલ્લાની લોકમાતા ગણાતી ઓર સંગ નદી છોટાઉદેપુર નગર સહિત જીલ્લાની પ્રજાને પાણી પૂરૂં પાડે છે, પરંતુ રેતીના સ્તર ઘટી જતા હવે શિયાળામાં જ પાણીના લેવલ ઘટવા લાગે છે અને માર્ચ માસ દરમિયાન પાણીની બૂમો શરૂ થઈ જતી હોય છે. નગરની ૩૫,૦૦૦ની વસ્તીને પાણી પૂરૂં પાડતી ઓરસંગ નદીને આધારીત નગરપાલિકાના ૨ વોટર વર્કસ આવેલા છે. જેમાં પાણી ઉનાળા દરમિયાન ઓછું આવતું હોય જેથી પ્રજાને પૂરતું પાણી મળતું નથી અને પાલિકાએ હાફેશ્વર થી દાહોદ પાણી યોજનાનું પાણી વેચાતું મંગાવવાનો વારો આવે છે. જેનો નગરના વિકાસ અર્થનો ખર્ચ પાણીમાં વપરાઈ જાય છે, એ બાબતે પણ રેતીખનન અટકવું જોઈએ એ જરૂરી છે.

**છોટાઉદેપુરના બે બ્રિજ માંથી એક બ્રિજ ચેકડેમ ના કારણે બચી ગયો જ્યારે બીજો બ્રિજ ઉપર હજુ જોખમ રહેલું છે.**

છોટાઉદેપુર નગરમાંથી ૨ હાઈવે પસાર થાય છે. જેમાં સ્ટેટ હાઈવે ૬૨ ઉપરનો બ્રિજ જર્જરિત છે. ભારે રેતી ખનન થતા બ્રિજના પાયા દેખાઈ આવ્યા છે. જે અગાઉ થોડા દિવસ પહેલા બ્રિજના પાયા ખુલ્લા થતા તંત્ર દ્વારા તાત્કાલિક રીપેરીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જ્યારે નેશનલ હાઈવે ન ૫૬ ઉપર મધ્યપ્રદેશને જોડતો બ્રિજ પાસે પાલિકા દ્વારા બનાવવામાં આવેલ ચેકડેમને કારણે બ્રિજ બચી ગયો છે અને પાણી અને રેતીનું પુરાણ થઈ જતા આવનારા દિવસોમાં કોઈ તકલીફ પડે નહીં તેવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. આ જ રીતે બ્રિજની પાછળના વિસ્તારમાં જો ચેકડેમ બનાવવામાં આવે તો બ્રિજને થતું નુકસાન અટકી જાય તેમ છે.

## ઘડીયાળની ચોરીના આરોપીની ગણતરીના કલાકોમા મુદ્દામાલ સાથે પકડી પાડતી બાલાસિનોર તાલુકા પોલીસ



બાલાસિનોર,

બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન ખાતે તા.૨૭/૦૨/૨૦૨૫ના રોજ દીવસના ઘડીયાળની દુકાનમા ચોરી થયેલ હતી. જે ચોરીનો મુદ્દામાલ તથા ચોર ઈસમની બાતમીદાર મારફતે આધારભૂત બાતમી હકિકત મળેલ કે એક ઈસમ ચોરીની ઘળીયાળો વેચવા માટે આવવાનો છે. જેને શરીરે કાળા તથા સફેદ કલરનું ચોકડી ભાતનું શર્ટ તથા જીન્સ પેન્ટ પહેરેલ તથા તેના હાથમા થેલી છે અને તે દેવ ચોકડી ખાતે ઘડીયાળ વેચવા આવવાનો છે. જેથી પોલીસ વોચ તપાસમા ઉભા રહેતા બાતમીવાળો ઈસમ આવતા તેને રોકી તેનુ નામઠામ પુછતા ધર્મેશકુમાર ઉર્ફે ધપો ગીરવતસિંહ ચૌહાણ ઉ.વ.૧૮ વર્ષ રહે.ફેલસાણી તા.બાલાસિનોર જી.મહીસાગર નાનો હોવાનુ જણાવેલ જેની અંગઝડતી કરતા સદર ઈસમ પાસેની થેલીમા જોતા બે બોક્સ મળી આવેલ જેમા મોટુ બોક્સ જોતા જે ખોખા ઉપર કિંમત રૂ./- ૧૨,૯૯૯/-લખેલ છે, ગણી શકાય તે બે કાંડા ઘડીયાળો મળી આવેલ જેથી મજકુર ઈસમને ઘડીયાળના બીલ માંગતા તેની પાસે ન હોવાનુ જણાવતા હોય અને કોઈ સંતોષકરક જવાબ આપેલ નહી અને ગલ્લાતલ્લા કરી ઉડાઉ જવાબ આપતો હોય જેથી સદર ઈસમની યુકતી પ્રયુકતીથી પુછપરછ કરતા સદર ઘડીયાળો બાલાસિનોર ખાતેથી એક દુકાનેથી ચોરી કરેલ હોવાની કબુલાત કરતો હોય જેથી બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશનના ક્રાઈમ રેકર્ડમાં તપાસ કરતા બાલાસિનોર ટાઉન પો.સ્ટે. ગુ.ર.નં.'એ' ૧૧૧૮૭ ૦૦૨૨૫૦૦૮૩/૨૦૨૫ બી.એન.એસ કલમ-૩૦૩(૨) મુજબનો ગુનો રજીસ્ટર થયેલ હોવાનું જણાઈ આવતા સદર આરોપીને ચોરીના મુદ્દામાલ સાથે પકડી બાલાસિનોર ટાઉન પોલીસ સ્ટેશન વિસ્તારમા થયેલ ચોરીનો આરોપી તથા મુદ્દામાલ ગણતરીના કલાકોમાં શોધી કાઢતી આગળની કાર્યવાહી માટે બાલાસિનોર ટાઉન પો.સ્ટેને સોપી પ્રશસનીય કામગીરી કરતી બાલાસિનોર તાલુકા પોલીસ ટીમ.

## બાલાસિનોર કોલેજમાં વિદાય સમારંભ યોજાયો



નદીસર,

બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજના બીએ સેમેસ્ટર ૬, બીકોમ સેમેસ્ટર ૬, એમ.એમ.એસ.ડબલ્યુ સેમેસ્ટર ૪, બીએસસી સિક્સના વિદ્યાર્થીઓના વિદાય સમારંભમાં તેમજ સંગીતા કિરણ દોશી વ્યાખ્યાનમાળા મણકો ૪૫ માં પર્યાવરણ પ્રેમી રાજુભાઈ ઠક્કરનો વ્યાખ્યાન બાલાસિનોર કોલેજમાં યોજવામાં આવ્યું. તેમાં માણસનુંજીવન કેટલું દિવ્ય હોય છે, તેમજ યોગથી માનવ શરીર ઉપર કેવા પ્રભાવ પડે છે તે માટેનો ડો. રાજુભાઈ ઠક્કરનો મનનીય વ્યાખ્યાન બાલાસિનોર કોલેજમાં યોજવામાં આવ્યું. કાર્યક્રમના પ્રારંભમાં ડો.દિનેશભાઈ માછી એ મહેમાનોનું સ્વાગત કર્યું અને પ્રારંભિક ભૂમિકા બાંધી મહેમાનોનું પુષ્પ ગુચ્છ અને સાલથી સન્માન કરવામાં આવ્યું. તદુપરાંત કોલેજમાં બે ઈનામ ફાઉન્ડેશન ચાલે છે, તેમાં એક શૈક્ષણિક અને બીજું શિક્ષણત્તર ઈનામો કોલેજના વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા. ત્યાર પછી વિદ્યાર્થીઓનું ભોજન સમારંભ યોજવામાં આવ્યો. ભોજન પછી વિદ્યાર્થીઓનો ફોટો ફંકશન કરવામાં આવ્યું. બાલાસિનોર કોલેજમાં ગુજરાતી વિભાગમાં સેવા આપતા પ્રોફેસર ડો. વિપુલભાઈ ઠાકરનો વિદાય સમારંભ પણ યોજવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમનો સંચારણ પ્રોફેસર રજનીભાઈ ભટ્ટ અને યુ.એસ. ચંદેલે સંભાળ્યું હતું.

## પાવી-જેતપુરના ચુલી ગામે પહેલા સમૂહ લગ્નોત્સવ યોજવા મીટીંગનું આયોજન



છોટાઉદેપુર,

ચૂલી ગામ- તા.પાવી જેતપુર પહેલી વખત સમૂહ લગ્નોત્સવ યોજવા બાબતે નિરંજનભાઈ રાઠવાના ઘરે મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ચૂલી સરપંચ મુકેશભાઈ થાવરભાઈ અને ડે.સરપંચ રતિલાલભાઈ અને માજી સરપંચ લાલસિંગભાઈ, ધાનકાભાઈ પારસિગ, હીતેશભાઈ, રાઠવા સુમનભાઈ રાઠવા અને ગ્રામ પંચાયતના સભ્યો નટવરભાઈ, શાંતિલાલભાઈ અને રાઠવા સમાજ મોટી સંખ્યામાં આદીવાસી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા અને ૬ લગ્નો સમૂહ લગ્નોત્સવમાં જોડાવવા માટે સહમત થતાં કુલ છ દીકરીના લગ્ન સમૂહમાં થનાર છે. હજી પણ કોઈ દીકરીના લગ્ન સમૂહમાં કરવા માંગતા હોય તો નોંધાવી દેવા માટે જાણ કરવામાં આવી હતી. સમૂહ લગ્નમાં આજુબાજુના ગામ માંથી પણ લગ્નમાં જોડાવા માંગતા હોય તો પણ આવકાર્ય છે. દરેકના સાથ સહકાર થી કાર્યક્રમ થવાનો હોય ઉત્સાહ થી ભાગ લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો. નિરંજનભાઈ ચંપકભાઈ રાઠવા આરએફઓ એ સમૂહ લગ્ન થી થતા ફાયદા ગણાવાયા હતા અને સમૂહ લગ્નોત્સવ યોજવાનું આયોજન કરવા માટે કારણ અને સમાજને થતાં ફાયદાની ઝીણવટભરી સમજ આપી હતી.

## ખાનપુર ખાતે અખિલ વિશ્વ ગાયત્રી દ્વારા શ્રીમદ્ ભાગવત કથા અમૃતમનું આયોજન કરાયું છે



મલેકપુર,

મહીસાગર જીલ્લાના મોટા ખાનપુર ગામમાં આવેલા માલીવાડ સમાજના ચોરામા ધર્મ પ્રેમી અને ગાયત્રી પરિવાર ઉપાસક એવા કાન્તાબેન રામસિંહ માલીવાડ તેમજ અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર ખાનપુર તાલુકાના અને મહીસાગર જીલ્લા ના સહયોગથી ખાનપુર ગામમાં શ્રીમદ્ ભાગવત કથા અમૃતમનું આયોજન કરાયું છે.

તા.૨૮/૨/૨૦૨૫ થી તા.૬/૦૩/૨૦૨૫ સુધી કથાનું આયોજન કરાયું છે. કથાનુ રસપાન અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના પૂજ્ય ગુરૂદેવના પ્રજ્ઞા પુત્રી રાજુબેન બ્રહ્મભટ્ટ દ્વારા તેમની સંગીતમય શૈલીમાં આ ભાગવત સપ્તાહ તેમના મધુર કંઠે કથાનું રસપાન કરાવે છે. આ પ્રસંગે ભકતોને વ્યસન મુક્ત તેમજ ભગવાનના અનેક અવતારો, લીલાઓ, ચોવીસ ગુરૂદેવનું માર્ગદર્શન વિશે પરિચય કરાવશે. આ સમયે લુણાવાડા, કડાણા, ખાનપુર તેમજ મલેકપુર જેવા ગામો માંથી ગાયત્રી પરિવારના સર્વ પ્રેમી ભકતજનો અને ખાનપુર ગામ માંથી મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ ગાયત્રી પરિવારના ઉપાસકો હાજર રહ્યા હતા.

## છોટાઉદેપુરમાં બે મહિનામાંક બાકી વીજ બિલના ૫.૨૫ કરોડની વસુલાત

છોટાઉદેપુર,

છોટાઉદેપુરમાં એમજીવીસીએલ દ્વારા બે માસમાં ૭.૪૯ કરોડમાંથી રૂ.૫.૨૫ કરોડની રકમ વીજ ગ્રાહકો પાસેથી બાકીના નાણાંની વસુલાત કરવામાં આવી હતી.

છોટાઉદેપુર તાલુકામાં રેસીડિન્સ અને કોમર્શિયલ વિસ્તારમાં એમજીવીસીએલ દ્વારા વિવિધ વિસ્તારોમાં રોજની જુદી જુદી ૧૦ જેટલી ટીમ પોલીસ બંદોબસ્ત સાથે બાકી બિલના નાણાં વસુલવા માટે ઉતરી પડી છે. દરમિયાન જાન્યુ-૨૦૨૫માં ૧૨,૦૪૮ ગ્રાહકો પાસે રૂ.૨.૫૫ કરોડ, ફેબ્રુઆરીમાં ૧૨,૫૨૮ ગ્રાહકો પાસેથી ૨.૭૦ કરોડ મળીને બે માસમાં કુલ ૨૪,૫૭૬ ગ્રાહકો પાસેથી વીજ કંપનીએ રૂ.૫.૨૫ કરોડની રકમની વસુલાત કરી છે. જયારે ૨.૨૪ કરોડની ઉઘરાણી હજુ બાકી હોવાની કાર્યવાહી ચાલી રહી છે. છોટાઉદેપુર નગરપાલિકાના ૪૪ કનેકશનના કુલ ૧.૮ કરોડનુ બિલ બાકી હોય જયારે ગવર્મેન્ટમાં ૩૨૯ કનેકશનમાં કુલ ૪૦ લાખ ૪૬ હજારની રકમનુ વીજ બિલ બાકી હોય અને છોટાઉદેપુર તાલુકાના ૧૧,૨૩૬ કનેકશનમાં કુલ ૭૬.૬૨ લાખની રકમનુ વીજ બિલ બાકી હોવાથી કાર્યવાહી કરી રહી છે.

**મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

જન્મ મરણ અરજી નં. ૬૧૧/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ-રાઠવા ભારતભાઈ જોખનાભાઈ.. રહે. બોર, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, બોર, બોર, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુંકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે રાઠવા ધર્મેશભાઈ ભારતભાઈ નો જન્મ તાઃ૦૩/૦૧/૨૦૦૯ ના રોજ રહે.બોર, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારનીઆગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો. આજ તાઃ૨૮ ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

**મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

જન્મ મરણ અરજી નં. ૬૧૪/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ-ચૌહાણ અર્જુનિસંહ જશવંતસિંહ,રહે. પાદેડી, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, પાદેડી, પાદેડી, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુંકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્ર નામે ચૌહાણ આકાશભાઈ અર્જુનભાઈ નો જન્મ તાઃ૦૧/૦૬/૨૦૦૮ ના રોજ રહે. પાદેડી તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારનીઆગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો. આજ તા ૨૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

**મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

જન્મ મરણ અરજી નં. ૬૧૦/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ-બારીઆ દિનેશભાઈ કુલાભાઈ, રહે. બોર, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ-જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, બોર બોર, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુંકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે બારીઆ પારૂલબેન દિનેશભાઈ નો જન્મ તાઃ૦૧/૦૬/૨૦૦૬ ના રોજ રહે.બોર તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારનીઆગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો. આજ તા૨૮ ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

## રમઝાન શરીફ કે રોઝે ફર્જ હૈ

હદીશ શરીફ મે હૈ સૈયદના અબુ હુરૈરાર દિયલ્લાહુ તઆલા અન્હુ ફરમાતે હૈ કે રસુલે ખુદા સલ્લલ્લા હો અલય હે વસલ્લમને ઈર્શાદ ફરમાયા કે સવાબ સમજકર રમઝાન કે રોઝે રખે તો ઉસકે પહેલે ગુના બક્ષે જાએગે (મિરકાત શરીફ-સફા-૧૭૩)
મસ્અલા - શહેરીખાના ઔર ઉસમે દેર કરના (આખરી વકત મેં) ખાના સુન્નત હે મગર ઈતની દેર કરના મકરૂહ હૈ કે સુબહ શાદિક શુરૂ હો જાને કા શક હો જાએ (આલમગીરી, બહારે શરીઅ)
(બહવાલા તોહ-ફ-એ-રમઝાન, પાન-૧૭૩-૧૭૪)

ખત્મે શહેરી - ૫.૩૫
વકતે ઈફતાર - ૬.૪૫
તા. ૦૪/૦૩/૨૦૨૫ મંગળવાર.
નોંધ- આ ટાઈમ પંચમહાલ તથા દાહોદ જીલ્લા પુરતો છે.

રીપોર્ટર : મોહંમદ હુસેન મકરાણી દે.બારીઆ

## આપની આજ.......

મેષઃ આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે. સાસરિયા તરફથી પૂરતી રકમ મળી શકે છે.

વૃષભઃ આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે. કર્મચારીઓનો આદર અને સહયોગ પણ પૂરતો રહેશે. સાંજના સમયે કોઈ ઝઘડામાં ના પડો.

મિથુનઃ આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. રાજકીય ક્ષેત્રે કરવામાં આવેલા પ્રયત્નોથી સફળતા મળશે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

કર્કઃ આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે. કેટલાક અટકેલા કામ સાંજના સમયે થવાની સંભાવના છે.

સિંહઃ તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે. સંતાન તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કન્યાઃ આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે. તમારી વાતોને લીધે કોઈની સાથે મતભેદો અને વિવાદ થઈ શકે છે.

તુલાઃ આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે. કોઈપણ અટકેલા કામ સાંજે પૂર્ણ થશે.

વૃશ્ચિકઃ આજે વૃશ્ચિક રાશિના લોકોએ તેમના સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે. નોકરી-વ્યવસાયની દ્રષ્ટિએ દિવસ મિશ્રિત રહેશે.

ધનઃઆજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

મકરઃઆજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે. સાંજથી રાત સુધી તમને પ્રિયજનોના દર્શન તેમજ શુભ સમાચાર મળશે.

કુંભઃ આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી પણ સંતોષકારક સુખદ સમાચાર મળશે. બપોરે કોઈપણ કાયદાકીય વિવાદ અથવા કેસમાં વિજય તમારા માટે ખુશીનું કારણ બની શકે છે.

મીનઃ આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્ત્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો. નમ્રતા- વાણીથી આદર મળશે. તમને શિક્ષણ અને સ્પર્ધામાં વિશેષ સફળતા મળશે. કેટલાંક લોકો આજે વધુ વ્યસ્ત હોઈ શકે છે.


# પીપલોદ ગામે બસ સ્ટેન્ડ પાસે શોપિંગ સેન્ટરમાં વીજ જોડાણ અપાતા આશ્ચર્ય

## આ શોપિંગ સેન્ટરનુ બાંધકામ ૬૦-૪૦ના રેશિયા મુજબ થયેલ નથી

દે.બારીઆ,

દે.બારીઆ તાલુકાના પીપલોદ ગામ ખાતે બસ સ્ટેન્ડ નજીક બે શોપિંગ સેન્ટર બનાવવામાં આવેલ છે. અને આ બંને શોપિંગ સેન્ટર હાલમાં વિવાદમાં ઘેરાયેલા હોવાનુ જાણવા મળેલ છે. જેમાં એક શોપિંગ સેન્ટરમાં ગ્રામ પંચાયત પાસેથી બાંધકામ પરમીશન લીધા પછી ૬૦/૪૦ ના રેશિયા મુજબ બાંધકામ નહિ થયુ હોવાનુ પીપલોદ ગ્રામ પંચાયતને જાણ થતાં બાંધકામ કરનારા બિલ્ડરને કામગીરી બંધ કરવા માટે લેખિતમાં નોટિસ આપી હોવા છતાં પણ હાલમાં બાંધકામ ચાલુ હોવાનુ તલાટી ક.મં.એ રૂબરૂમાં જણાવ્યુ હતુ. અને આ શોપિંગ સેન્ટરમાં વાહન પાર્કિંગ માટે સરકારના નિયમ મુજબની ૪૦ ટકા જગ્યા ખુલ્લી નહિ રાખી હોવાનુ જણાવ્યુ હતુ. જે અંગે હાલમાં ગ્રામ પંચાયત દ્વારા ઉપરી અધિકારીઓને જાણ કરી આ મામલે યોગ્ય ન્યાય માટે કોર્ટનુ શરણ લીધુ છે.

જયારે પીપલોદ બસ સ્ટેશન નજીક બીજા શોપિંગ સેન્ટરમાં થયેલ બાંધકામમાં ૩૦ જેટલી દુકાનો સરકારી જમીનમાં બાંધકામ થયેલ હોવાનુ પીપલોદ ગ્રામ પંચાયત સરપંચ છત્રસિંહ કુલા પટેલ જણાવી રહ્યા છે. અને આ શોપિંગ સેન્ટરની જમીન અંગેની માપણી કરવા માટે ગ્રામ પંચાયત દ્વારા દાહોદ ખાતેની જિલ્લાની જમીન માપણી કચેરીમાં ભરી દેવામાં આવેલ છે. અને ત્રણ થી ચાર વખત માપણી કરવા માટે આવનાર સર્વેયર પીપલોદ માપણી કરવા માટે આવી કોઈ બહાનુ કાઢી પરત જતા હોય છે. માટે સાચી માપણી થતી નથી. જમીન માપણી અધિકારી એ જમીનના માલિક તેમજ નજીકના સર્વે નંબરના માલિકોને પણ માપણી સમયે હાજર રહેવા માટે નોટિસ આપવુ જોઈએ. આ શોપિંગ સેન્ટરનો મામલો હાલ કોર્ટમાં ચાલુ હોવાની જાણકારી મળી છે. અને આ શોપિંગ સેન્ટરમાં પણ ગ્રામ પંચાયત દ્વારા કોઈપણ દુકાનની આકારણી નહિ થયેલ હોવ છતાંય વીજ મીટર વીજ કંપનીએ ફાળવ્યા હોવાની વિગતો ગ્રામ પંચાયત મારફતે જાણવા મળી છે. ગામડું હોય કે પછી શહેરી વિસ્તાર પરંતુ વીજ જોડાણ લેવા માટે ફરજીયાત જે તે દુકાન અથવા મકાનની આકારણી સહિત બીજા અન્ય




# વડોદરા-દાહોદ મેમુ ટ્રેન સેવા ૭ માર્ચ સુધી બંધ રહેશે

દાહોદ,

વડોદરા અને દાહોદ વચ્ચે મુસાફરી કરતા હજારો મુસાફરો માટે માઠા સમાચાર આવ્યા છે. રેલ્વે તંત્ર દ્વારા વડોદરા-દાહોદ-વડોદરા મેમુ ટ્રેન ગાડી નં.-૬૯૨૩૩/૬૯૨૪૪ ના ફેરા રદ્દ કરવાની જાહેરાત કરી છે. આ ટ્રેન ૭ માર્ચ સુધી સંપુર્ણ રદ્દ રહેશે.રેલ્વે વિભાગના જણાવ્યા અનુસાર અગાઉ રદ્દ કરેલી વડોદરા-દાહોદ મેમુ ટ્રેનના રદ્દ થયેલા ફેરાને ફરીથી વધાર્યા છે. એટલે કે જે ટ્રેન અગાઉ અમુક સમય માટે રદ્દ કરવામાં આવી હતી તે હવે ૭ માર્ચ સુધી સતત બંધ રહેશે. જોકે રેલ્વે તંત્ર દ્વારા ટ્રેન રદ્દ કરવા પાછળનુ કોઈ ચોક્કસ કારણ આપવામાં આવ્યુ નથી. જેના કારણો મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ ટ્રેન રદ્દ થવાની વડોદરા અને દાહોદ વચ્ચેના મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડશે.ખાસ કરીને રોજ અપડાઉન કરતા મુસાફરો, વિદ્યાર્થીઓ અને વેપારીઓ સૌથી વધુ પ્રભાવિત થશે. મેમુ ટ્રેન પશ્ચિમ રેલ્વેની એક મહત્વપુર્ણ લોકલ ટ્રેન છે. આ ટ્રેન વડોદરા અને દાહોદ વચ્ચેના નાના-મોટા સ્ટેશનોને જોડે છે. જેના કારણે રોજીંદા મુસાફરો માટે તે ખુબ જ ઉપયોગી છે.

# સીંગવડ તાલુકા પંચાયત સામાન્ય સભામાં ૨૦ ટકાની ગ્રાન્ટ અને મંજુર થયેલા શાળાના ઓરડાઓ બાંધવાની રજુઆત સાથે સભા તોફાની બની

સીંગવડ,

સીંગવડ તાલુકા પંચાયતની તાલુકા પંચાયત પ્રમુખની અધ્યક્ષ સ્થાને યોજાયેલી સામાન્ય સભામાં મોટાભાગના સભ્યોએ તંત્ર સામે બાંયો ચઢાવતા મનરેગા વિભાગના કામો, તાલુકા પંચાયત સભ્યની ૨૦ ટકાની ગ્રાન્ટ, મંજુર થયેલ શાળાના ઓરડા સહિત અનેક પ્રશ્નોની ધારદાર રજુઆત કરી હતી. જયારે સામાન્ય સભામાં વિવિધ શાખાના સંખ્યાબંધ કર્મચારીઓની સુચક ગેરહાજરી જોવા મળી હતી.

તાલુકા પંચાયત સીંગવડની સામાન્ય સભા તાલુકા પંચાયત ભવન ખાતે તાલુકા પંચચાયત પ્રમુખ ગોવિંદ વહુનિયાની ઉપસ્થિતિમાં યોજાઈ હતી. જેમાં તાલુકા વિકાસ અધિકારી મેહુલ ભગોરા ઉપસ્થિત રહ્યા હતા. સીંગવડ તાલુકા પંચાયતમાં કુલ ૧૮ સભ્યોમાં ૧૬ સભ્યો ભાજપના હોવા છતાં સીંગવડ તાલુકા પંચાયત સભ્યોના વિકાસના કામોથી બાકાત રાખવામાં આવતા હોય તાજેતરની સામાન્ય સભામાં તાલુકા પંચાયત સભ્યોએ વહીવટી તંત્ર સામે બાંયો ચઢાવી હતી. અને સામાન્ય સભાને તોફાની બનાવી હતી. તાલુકા પંચાયત સદસ્ય કાલીયારાયના રમેશભાઈ પટેલ કાલીયારાયથી કટારાની પાલ્લી સુધીનો તાજેતરમાં જ બનાવવામાં આવેલો નવો ડામર રસ્તાને પુરણ કરેલ ન હોય અને જેમાં મસમોટા પથ્થરો નાંખી કામગીરી થતાં અકસ્માતનો ભય રહેલો છે. સીંગવડ તાલુકાની સંખ્યાબંધ ગામોમાં પ્રાથમિક શાળાના ઓરડાઓની તાજેતરમાં ઘટ છે. અને જે નવીન ઓરડાની ફાળવણી કરી કામગીરી શરૂ કરવામાં આવી નથી. આવી જેની નોંધ લઈ તાત્કાલિક ધોરણે કામગીરી શરૂ કરવામાં આવે. તાલુકા પંચાયતમાં ૨૦ ટકા તાલુકા પંચાયત સભ્યની ગ્રાન્ટ આજદિન સુધી એક વર્ષ થયુ આવી હોવા છતાં ગ્રાન્ટ ફાળવવામાં આવી નથી. આવી મનરેગા યોજનામાં વિકાસલક્ષી કામગીરી કરવામાં આવે છે. જેમાં તાલુકા પંચાયત સભ્યના જે યોજનકિય વિકાસના કામોને લેવામાં નથી આવતા અને મનરેગા વિભાગના કર્મચારીઓ પોતાની મનમાની કરી વર્કઓર્ડર પણ કાઢે છે. છતાં આજદિન સુધી વિકાસલક્ષી યોજનાની કામગીરીનો રેશિયો જળવાયો નથી. જેમાં કેટલીક ગ્રામ પંચાયતમાં રેશિયો કરતા પણ વધારે કામોની ફાળવણી કોના ઈશારે થાય છે તે એક પ્રશ્ન ઉભો થયો હતો. જયારે મનરેગાના કર્મચારીઓ તાલુકા પંચાયત ખાતે આવેલી કચેરીમાં બેસતા ન હોય ગ્રામ્ય વિસ્તારમાં કેટલાક લેભાગુ મળતિયાઓ ના બેસતા હોય આમ જનતાના કામો થતા નથી. અને લાભાર્થીઓને ધરમધકકા ખાવાનો વારો આવતો હોવાનો આક્ષેપ કર્યો હતો. ત્યારે સીંગવડ તાલુકા પંચાયતની ૨૮ ફેબ્રુઆરીની તાલુકાની સામાન્ય રાખવામાં આવી છે. જેનુ એજન્ડા કેટલાક તાલુકા જે સભ્યને એક-બે દિવસ પહેલા જ આપવામાં આવ્યુ હતુ. જેની સામે વહીવટી તંત્રની કામગીરી સામે અનેક પ્રશ્નો ઉભા થયા છે. અત્રે ઉલ્લેખનિય છે કે, તાલુકા પંચાયતની સામાન્ય સભામાં એજન્ડા તાલુકો પંચાયત સદસ્યાને સાત દિવસ પહેલા આપવાનો હોય છે.

# સંજેલી તાલુકાની બોર્ડરો પર એસ.આર.પી.પોઈન્ટ્સ મુકવા ગૃહમંત્રીને રજુઆત

સંજેલી,

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકામાં હોળી-દિવાળીના તહેવારોમાં સંજેલી તેમજ આજુબાજુના ગામડાના બુટલેગરો દ્વારા લાખો રૂપિયાના ઈંગ્લીશ દારૂની હેરાફેરી કરાતી હોય છે. ત્યારે તા.૧૩ અને ૧૪ માર્ચના હોળી-ધુળેટીના તહેવારોને દયાનમાં રાખીને સંજેલી તાલુકાના એક સામાજિક કાર્યકરે તાલુકાની બોર્ડરો પર એસઆરપી પોઈન્ટ્સ મુકવા રાજય ગૃહમંત્રીને લેખિત રજુઆત કરી છે. કારણ કે, થોડા સમય પહેલા જ સંજેલી તાલુકાના પીછોડા ગામે એક બુટલેગરના ઘરમાંથી દાહોદ પોલીસે રેડ પાડીને રૂ. ૨ લાખનો ઈંગ્લીશ દારૂ, બિયરની બોટલનો જથ્થો પકડી પાડ્યો હતો. અને ગામડાઓમાં શરૂ થતાં તહેવારો લગ્નસરામાં યુવાનો દારૂના વ્યસનમાં પોતાનો જીવ જોખમમાં મુકતા હોય છે. સ્થાનિક બુટલેગરો લાખો રૂપિયાનો ઈંગ્લીશ દારૂની હેરાફેરીનો વેપલો કરી રહ્યા છે. એક તરફ સંજેલી તાલુકામાં આદિવાસી સમાજ સુધારકો સમાજને સુધારવા માટે ગામડે ગામડે સમાજની જાગૃતિ માટે મિટીંગનુ આયોજન કરી સાદાઈથી લગ્નો પ્રસંગ ઉજવે તેવો પ્રચાર કરે છે. સંજેલી તાલુકામાં અનેક આદિવાસી પરિવારો પુ.ગુરૂ ગોવિંદ મહારાજ, કબીર સાહેબ, રાધાસ્વામી, રામદેવપીરની સેવા પુજા કરે છે. અનેક લોકો પવિત્ર દાદપુરી ધામના ભકતો બનેલા છે. પરંતુ લાખો રૂપિયા કમાઈ લેવાની લાલચમાં બુટલેગરો ઈંગ્લીશ દારૂ, બિયરની હેરાફેરી કરતા હોય છે. અને યુવાનો ખોટા રસ્તે ચઢી જતા હોય છે ત્યારે આદિવાસી સમાજમાં તેમજ અન્ય સમાજના યુવાનોના હિતને દયાનમાં લઈને સંજેલી તાલુકામાં કોઈપણ ભોગે તાલુકાની બોર્ડરો પર એસઆરપી પોઈન્ટ્સ મુકવામાં આવે તેવી ગૃહમંત્રીને લેખિત રજુઆત કરવામાં આવી છે.

**મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા**

જન્મ મરણ અરજી નં. ૬૦૮/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ-જાદવ લીલાબેન અરવિંદભાઈ,રહે, કાનપુર, તા. ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, કાનપુર.કાનપુર, ગ્રામ પંચાયત, તાઃ-ઘોઘંબા, જિ. પંચમહાલ

-:: હુંકમ ::-

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોક્ત વિષયના અરજદારના પુત્ર નામે જાદવ હરેશભાઈ અમરસિંહ નો જન્મ તાઃ૧૩/૦૩/૨૦૦૬ ના રોજ રહે.કાનપુર, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્ર ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૨૮ મી ફેબ્રુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 28, No.163

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ગોધરા ધારાસભ્ય સી.કે રાઉલજી દ્વારા ગ્રામજનોની સુવિધા માટે ૨૦૦ લાખના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



ગોધરા, ગોધરા તાલુકાના ગ્રામજનોને અવર જવર માટે અને ખેતીના કામમાં સુવિધા રહે તેવા હેતુસર ધારાસભ્ય ગોધરા દ્વારા વિવિધ રસ્તાના કામોની રજૂઆત થયેલ હતી. જે રસ્તાઓમાં ગોધરા તાલુકાના અસારડી થી વેમાંલની મુવાડી સુધીનો તથા ઢોકરી કેનાલ થી ઢોકરી સ્મશાન સુધીના રસ્તાનું ખાત મુહર્ત ગોધરાના ધારાસભ્ય સી.કે.રાઉલજી દ્વારા કરવામાં આવ્યું. આ રસ્તાના વિકાસના કામો રૂપિયા ૨૦૦ લાખના છે અને જે પરિપૂર્ણ થવાથી ગ્રામજનોને રસ્તાની પ્રાથમિક સુવિધા મળી રહેશે. આ પ્રસંગે ભાજપા તાલુકા પ્રમુખ સંજયભાઈ પટેલ, જીલ્લા પંચાયત સભ્ય વિનોદભાઈ ભગોરા, ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ગોધરાના ચેરમેન પ્રવિણસિંહ રાઉલજી ભારતીય કિસાન સંઘના પ્રમુખ ખુમાનસિહ ચૌહાણ, પંચમહાલ જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી.ના ચેરમેન ચંદ્રસિંહ રાઉલજી, ખેડૂત અને સહકારી આગેવાન, કનકસિંહ પરમાર, રાજુભાઈ ચોહાણ, રતનસિંહ પરમાર, ખાતુભાઈ સાથે સ્થાનિક ગામના તાલુકા સદસ્ય, સરપંચો, ગ્રામ પંચાયતના સદસ્યો, ગ્રામજનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

# પાવાગઢ રોપ-વે સેવા વધુ ત્રણ દિવસ બંધ રહેશે

હાલોલ, યાત્રાધામ પાવાગઢ ખાતે વાર્ષિક મેન્ટેનન્સના કારણે ૧૭મી ફેબ્રુઆરીથી રોપ–વે સેવા વધુ ૩ દિવસ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

યાત્રાધામ પાવાગઢ ખાતે ઉષા બ્રેકો લિ.કંપની સંચાલિતમાં કાલિકા ઉડન ખટોલા રોપ–વે સેવા સતત કાર્યરત છે. જેમાં રોપ–વે સુવિધા મારફતે ડુંગર પર બિરાજમાન મહાકાળી માતાજીના દર્શન માટે રોજે રોજ તેમજ વાર તહેવાર અને શનિવાર–રવિવારની રજાઓમાં મોટી સંખ્યામાં આવતા યાત્રિકોને માંચીથી ડુંગર સુધી અવર જવર કરવામાં આવે છે. જેમાં દર વર્ષે વાર્ષિક મેન્ટેનન્સને લઈ રોપ–વે સેવા બંધ રાખી વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત તા.૧૭મી ફેબ્રુઆરીથી ૧ માર્ચ સુધી એટલે કે ૧૩ દિવસ સુધી રોપ–વે સેવા બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જેને લઈને છેલ્લા ૧૩ દિવસ જેટલા સમયથી પાવાગઢ ખાતે રોપ–વે સેવા બંધ રહેતા યાત્રિકોને માંચીથી ડુંગર સુધી જવા માટે પગથિયા ચઢવા પડતા હતા. યાત્રિકો પગપાળા જ મહાકાળી માતાજીના દર્શન કરવા ડુંગર પર જતા હતા. જેમાં છેલ્લા ૧૩ દિવસથી વાર્ષિક મેન્ટેનન્સના કારણે બંધ રાખવામાં આવેલ રોપ–વે સેવા ૨જી માર્ચ રવિવારના રોજ રાબેતા મુજબ શરૂ થનાર હતી. પરંતુ વાર્ષિક મેન્ટેનન્સની કામગીરી પુર્ણ ન થવાના કારણે વધુ ૩ દિવસ એટલે ૨, ૩, અને ૪થી માર્ચ સુધી રોપ–વે સેવા બંધ રાખવાનો નિર્ણ રોપ–વે સંચાલકો દ્વારા લેવામાં આવ્યો છે. જોકે ત્રણ દિવસ બાદ ૫ માર્ચ ૨૦૨૫ના રોજથી રાબેતા મુજબ રોપ–વે ની સુવિધા શરૂ કરવામાં આવશે તેમ રોપ–વે સંચાલકોએ જાહેરાત કરી છે.

# શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જશવંતસિંહ સોલંકીને પ્રાંત કચેરી દ્વારા તડીપારની નોટિસ આપવામાં આવી હતી



**- સુનાવણી દરમિયાન પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ સમક્ષ જશવંતસિંહ સોલંકીના વિરૂદ્ધ થયેલા આક્ષેપોને લઈને વકીલ દીપક પરમાર એ ધારદાર દલીલ કરવામાં આવવા સાથે વધુ દલીલ માટે પ્રાંત અધિકારી દ્વારા ૧૭/૩/૨૦૨૫ની મુદ્દત આપવામાં આવી હતી.**

શહેરા, શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતાને પ્રાંત કચેરી દ્વારા મળેલી તડીપારની નોટિસને લઈને સોમવારના રોજ તેઓ વકીલ સાથે પ્રથમ મુદતમાં હાજર રહ્યા હતા. સુનાવણી દરમિયાન પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ સમક્ષ જશવંતસિંહ સોલંકીના વિરૂદ્ધ થયેલા આક્ષેપોને લઈને વકીલ દીપક પરમાર એ ધારદાર દલીલ કરવામાં આવવા સાથે વધુ દલીલ માટે પ્રાંત અધિકારી દ્વારા ૧૭/૩/૨૦૨૫ની મુદ્દત આપવામાં આવી હતી.

શહેરા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ જશવંતસિંહ સોલંકીને પ્રાંત કચેરી દ્વારા તડીપારની નોટિસ આપવામાં આવી હતી. જેને લઈને સોમવારના રોજ પ્રાંત કચેરી ખાતે તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી તેમના વકીલ સાથે આવ્યા હતા. સુનાવણી દરમિયાન પ્રાંત અધિકારી ફાલ્ગુન પંચાલ સમક્ષ જશવંતસિંહ સોલંકીના વિરૂદ્ધ થયેલા આક્ષેપોને લઈને વકીલ દીપક પરમાર એ ધારદાર દલીલ કરવામાં આવવા સાથે વધુ દલીલ માટે પ્રાંત અધિકારી દ્વારા ૧૭/૩/૨૦૨૫ની મુદ્દત આપવામાં આવી હતી. જોકે જે.બી.સોલંકીને પંચમહાલ અને મહીસાગર જીલ્લા માંથી બે વર્ષ માટે તડીપાર કરવાની કાર્યવાહી શરૂ હોવાથી તેમના સમર્થકો અને કોંગ્રેસ પક્ષમાં પણ ભારે ચર્ચાનો મુદ્દો આ બની જવા પામ્યો હોવાથી જશવંતસિંહ સોલંકી એ પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે રાજકીય કિન્નાખોરી રાખીને તડીપારની નોટિસ મને આપવામાં આવી છે અને મને ન્યાયતંત્ર પર પૂરેપૂરો વિશ્વાસ છે. મહત્વનું છેકે તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા અને તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સહિત અન્ય હોદ્દા ધરાવતા જે.બી.સોલંકી તાલુકા પંથકમાં હંમેશા ચર્ચામાં રહેતા હોય ત્યારે ફરી એક વખત તેમને તડીપાર કરવાની કાર્યવાહી ચાલી રહી હોય ત્યારે ૧૭ માર્ચની મુદતમાં પ્રાંત અધિકારી દ્વારા શુ નિર્ણય લેવામાં આવશે કે વધુ એક મુદત પડશે તેના પર સૌની મીટ મંડાઇ છે.

# કાલોલ બોરુ ટર્નિંગ પાસે દરવાજો ફીટ કરતી વખતે શ્રમજીવી વીજલાઈનનના સંપર્કમાં આવતા સળગતી હાલતમાં નીચે પટકાતા ગંભીર ઈજાઓ

કાલોલ, કાલોલમાં બોરુ ટર્નિંગ પાસે સોસાયટીના મકાનમાં પહેલા માળે દરવાજો ફિટ કરવા આવેલા કાર્પેન્ટરને નજીકમાંથી પસાર થતી જેટકોની ૬૬ કેવીની વીજ લાઈનને અડી જતાં સળગી ઉઠી બાજુના ચર્ચાના આંગણમાં ફેંકાયો હતો. દાઝેલી વ્યકિતને વડોદરા સયાજી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયો હતો. કાલોલના બોરુ ટર્નિંગ પાસેની વૈભવ લક્ષ્મી સોસાયટીમાં રહેતા હિતેશ મકવાણાએ પોતાના મકાનના પહેલા માળે નવો દરવાજો બેસાડવાનુ કામ સ્ટેશન રોડ પર દુકાન ધરાવતા કનૈયા વસંતલાલ વૈષ્ણવ(ઉ.વ.૪૫, રહે.રામકૃપા સોસાયટી, કાલોલ)ને સોંપ્યુ હતુ. નવો દરવાજો ફિટ કરવા માટે કનૈયા પહોંચ્યો હતો. નવો દરવાજો એલ્યુમિનીયમી ફ્રેમ વાળો હોય અને વૈભવ લક્ષ્મી સોસાયટી વચ્ચેથી પસાર થયેલી જેટકો કંપનીની ૬૬ કેવી ડીપી વીજ લાઈન મકાનની છત નજીકથી પસાર થતી હતી. એલ્યુમીનિયમનો દરવાજો વીજ વાયરના સંપર્કમાં આવી જતાં કનૈયા વૈષ્ણવને વીજ કરંટ લાગ્યો હતો. અને સળગતી હાલતમાં ઉપરના મજલેથી બાજુમાં આવેલા ચર્ચના આંગણમાં ફેંકાયો હતો. તે સમયે ચર્ચમાં પ્રાર્થનાસભા હોવાથી અચાનક થયેલા ધડાકાના અવાથી ચર્ચમાં પ્રાર્થના કરતા લોકો બહાર દોડી આવી ફાયર સેફટી માટેના અગ્નિશામક બોટલોની મદદથી આગ બુઝાવીને કપડા સહિત દાઝી ગયેલા કાર્પેન્ટરને નજીકની રેફરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે વડોદરા એસએસજી હોસ્પિટલમાં રિફર કર્યો હતો.

# કાલોલ ગધેડી ફળિયા ચાર રસ્તા પાસે સોળ વ્હીલ વાળો ટ્રક ખોટકાઈ જતા લાંબો ટ્રાફિક જામ સર્જાયો. એમ્બ્યુલન્સ ને રોંગ સાઈડમાં જવાની ફરજ પડી



કાલોલ, કાલોલ બસ સ્ટેશન પાસે ગધેડી ફળિયા મઠ ફળિયા ના ચાર રસ્તા પાસે સોમવારે બપોરે એક ટ્રક ટેકનિકલ કારણે રસ્તા વચ્ચે બંધ થઈ જતા ટ્રાફિક જામ થયો હતો. ટીઆરબી જવાનો ટ્રક પાસે આવી પહોંચ્યા હતા અને ટ્રક રિપેરિંગ માટે માણશો પણ આવી ગયા હતા, તેમ છતાં પણ આ ટ્રક ચાલુ થયેલ ન હતી. કાલોલ તરફ આવવાના માર્ગે શામળદેવીના પાટિયા સુધી લાંબી લાઈન લાગી હતી અને મોટો ટ્રાફિક જામ થયો હતો. કેટલાક વાહનો ગામ તરફ વળ્યા હતા અને ગામમાં પણ ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. ત્યારે દર્દીને લઈને જતી એક એમ્બ્યુલન્સ આ ટ્રાફિકમાં ફસાઈ હતી. ત્યારે ચાલકે રોંગ સાઈડમાં એમ્બ્યુલન્સ ચલાવી દર્દીની સારવાર અને જીવનને પ્રાધાન્ય આપ્યું હતું.

# કાલોલ શહેરના પઠાણ મોહંમદ ઝૈદ એ સાત વર્ષની નાની ઉંમરે રોઝો રાખી ખુદાની ઇબાદત કરી



કાલોલ, હાલમાં રમઝાન માસ ચાલી રહ્યો છે, મુસ્લિમ બિરાદરો રમજાન માસ દરમિયાન રોઝા રાખી રહ્યા છે અને મસ્જીદોમાં નમાજ તરાવીહ પડી રહ્યા છે. રમજાન માસ દરમિયાન વહેલી સવારે સાડા પાંચ વાગ્યાથી ખાવા પીવાનું બંધ કરીને સાંજના પોણા સાત વાગ્યા પછી ખાઈ પી શકાય છે. આમ, ૧૩:૦૦ કલાક ભૂખ્યા તરસ્યા રહેવાનો એટલે એ રોઝો મોટા લોકો પણ નથી રાખી શકતા ત્યારે એવા બનાવ પણ સામે આવ્યા છે કે નાના–નાના બાળકો પણ આખા દિવસનો રોઝો રાખે છે. હાલમાં કાલોલ કસ્બા વિસ્તારમાં જુબેરખાન પઠાણનો છોકરો ધગધગતા તડકામાં ૧૩:૦૦ કલાક પછી રોજો રાખીને ખુદા બંદગી કરી ઈમાનનું સબૂત પેશ કર્યું હતું. ત્યારે મોહંમદ ઝૈદે વહેલી સવારથી શહરી કરીને છેક સાંજ સુધીમાં ઈફ્તાર કર્યા બાદ ખાધું પીધું હતું અને આમ, ખૂબ નાની ઉંમરે ખુદાને રાજી કરવા આખું રોઝુ રાખ્યું હતું. ત્યારે જુબેરખાન પઠાણે પોતાના ૭ વર્ષના છોકરાને શુભેચ્છા આપી અભિનંદન પાઠવ્યા હતા.

# ગોધરા-ઝાલાકુવા સ્ટેટ હાઈવે ૧૫૫ ઉપર પડેલ ખાડાઓ માટે રજુઆત બાદ સમારકામ હાથ ધરતાં વાહન ચાલકોમાં ખુશી

ગોધરા, ગોધરા તાલુકા માંથી પસાર થતા સ્ટેટ હાઈવે નંબર–૧૫૫ જે બામરોલી બાયપાસ થી અછાલા–દામાવાવ થઈ દે.બારીયા–છોટાઉદેપુર અને એમ.પી.ને જોડતો માર્ગ હોય આ માર્ગ બિસ્માર અને ખખડધજ બનતા વાહન ચાલકો પરેશાન થઈ રહ્યા હતા. રસ્તાની મરામત માટેની રજુઆતો બાદ હાલ સમારકામ હાથ ધરવામાં આવ્યું છે અને આગામી સમયમાં નવેસરની રસ્તાની કામગીરી હાથ ધરવામાં આવશે.

ગોધરા તાલુકાના બામરોલી બાયપાસ રોડથી શરૂ થતાં સ્ટેટ હાઈવે નંબર–૧૫૫ જે અછાલા, મલાના કુવા, દામાવાવ થી દે.બારીયા–છોટાઉદેપુરથી એમ.પી.ને જોડતો માર્ગ હોય આ સ્ટેટ હાઈવે લાંબા સમયથી ખખડધજ અને ઠેરઠેર ખાડાઓ પડેલ હોય જેને લઈ અવારનવાર અકસ્માતની ઘટનાઓ બનતી હોય તાજેતરમાં ૨૭ ફેબ્રુઆરીના બે વિદ્યાર્થીઓ બાઈક ઉપર પસાર થતા અકસ્માતનો ભોગ બન્યા હતા. અવારનવાર અકસ્માતની ઘટનાઓ તેમજ આગામી હોળી જેવા તહેવારમાં અકસ્માતની ઘટના ન બને તે માટે સામાજીક કાર્યકર રંગીત રાઠવા દ્વારા પંચમહાલ કલેકટર, સ્ટેટ હાઈવે વડોદરા, માર્ગ મકાન વિભાગ ગાંધીનગર તેમજ મુખ્ય સચિવનને ઈ–મેલની રજુઆત કરાઈ હતી. રજુઆતને ધ્યાને લઈ સ્ટેટ હાઈવે–૧૫૫ની સમારકામની કામગીરી હાથ ધરવામાં આવતા વાહન ચાલકોએ રાહત અનુભવી છે. આગામી સમયમાં માર્ગને નવેસરથી નિર્માણ કામગીરી કરવામાં આવશે.

# ગોધરા શારદા મંદિર સ્કુલ ખાતે રમજાન માસમાં મુસ્લીમ વિદ્યાર્થીઓ માટે સ્કુલ પટાંગણમાં અલ્પાહારની વ્યવસ્થા કરાઈ



ગોધરા, હાલ મા ચાલી રહેલી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષા ચાલુ હોઈ તેમજ તાજેતર મા જ રમજાન માસ શરૂ થયો હોઈ ગોધરા શહેરની. શારદા મંદીર તેમજ અલગ શાળાઓમાં દરેક મુસ્લિમ વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓ માટે ઈફ્તાર રોઝા ખોલવાનો સમય પેપર પૂરૂં થવાનો સમય નિર્ધારિત હોવાથી શારદા મંદિર સ્કુલના પટાંગણમાં અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. જેમાં કોમી એખલાસનો માહોલ જોવા મળ્યો હતો. આજરોજ ગોધરા ખાતે ધોરણ ૧૨ સાયન્સ બાયોલોજી વિષયનું પેપર સાંજે ૬:૩૦ વાગે છૂટવાનું હોય તો અને શાળા બહાર નીકળતા ૬: ૪૦નો સમય થઈ જાય તેમ હોય અને રોજા ખોલવાનો સમય ૬:૪૨ હોય જેથી ઘરે પહોચી ઈફ્તારી કરી શકાય તેમ ના હોય તેમજ રસ્તામાં જ ઈફ્તારી કરવી પડે તેમ હોય જેથી શાળાના પ્રાંગણમાં ખજુર, કેળા, પાણી અને શરબતનો બંદોબસ્ત કરવામાં આવ્યો હતો.

# ગોધરા ભુરાવાવ વિસ્તારમાં લગાડેલ સ્માર્ટ વીજ મીટર હટાવી જુના મીટર લગાડી આપવા માટે જીલ્લા કલેકટરને આવેદન

ગોધરા, ગોધરા શહેરના ભુરાવાવ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા હતા. આ સ્માર્ટ મીટરમાં અગાઉ ઘણા છબરડા જોવા મળ્યા હતા. વધારે બીલ આવતાં ગ્રાહકો વીજ કચેરીમાં રજુઆત કરતાં બીલ ઓછું કરી આપેલ હતું. તેનો મતલબ સ્માર્ટ મીટરમાં છબરડા છે ત્યારે ભવિષ્યમાં સ્માર્ટ મીટર લગાડવા નહિ તેવી રજુઆત સાથે કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

ગોધરા ભુરાવાવ વિસ્તારમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર લગાડવામાં આવ્યા હતા. જેને લઈને સમસ્યા ઉભી થઈ રહી છે. સ્માર્ટ મીટરના વીજ બીલમાં અનાયસ વધારો થઈ રહ્યો છે. સ્માર્ટ મીટર રીડીંગમાં અનિયમિતતા જણાઈ રહી છે. ઘણી વખતે ઉપભોગથી વધુ વીજ બીલ બનાવે છે. સ્માર્ટ મીટર જનતા માટે અયોગ્ય અને આર્થીક લોભરૂપ સાબિત થઈ રહ્યું છે. સામાન્ય વ્યકિત પાસે સ્માર્ટ મોબાઈલ ફોન ન હોવાથી વીજ બીલ જાણી શકાતું નથી. અગાઉ સ્માર્ટ મીટરમાં રૂ.૫૦,૦૦૦/– થી ૧,૫૦,૦૦૦/–રૂ. સુધીના વીજ બીલ આવ્યા છે. જે તે સમયે સ્માર્ટ મીટર ગ્રાહકો વધારે વીજ બીલ આવતા વીજ કંપનીમાં રજુઆત બાદ વીજ બીલ સુધારીને ઓછું કરી આપવામાં આવ્યું હતું. તેનો અર્થે સ્માર્ટ મીટરમાં છબરડાને સાબિત કરે છે. ત્યારે ગોધરાના ભુરાવાવ વિસ્તારમાં લગાડેલ સ્માર્ટ મીટર બદલીને જુના વીજ મીટર લગાડી આપવામાં આવે તેમજ આવનાર સમયમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા સ્માર્ટ મીટર લગાડવાની કામગીરી કરવામાં આવશે તો તેનો વિરોધ સાથે ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેવી રજુઆત સાથે પંચમહાલ કલેકટરને આવેદન આપવામાં આવ્યું છે.

# ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના ગુનાના આરોપીને વડોદરા ખાતેથી એસ.ઓ.જી.પોલીસે ઝડપ્યો

ગોધરા, પંચમહાલ ગોધરા એસ.ઓ.જી. પોલીસ દ્વારા ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના ગુનામાં આરોપી વોન્ટેડ હોય આરોપી અંગે મળેલ બાતમીના આધારે વડોદરા કલ્યાણ નગર ફતેહગંજ વિસ્તાર માંથી ઝડપી પાડવામાં આવ્યો.

ગોધરા બી ડીવીઝન પોલીસ મથકના એનડીપીએસ એક્ટના ગુનામાં આરોપી સમીર મહેબુબ દેડકી નાસતો ફરતો વોન્ટેડ આરોપી હોય આરોપી અંગે પંચમહાલ એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, આરોપી હાલ વડોદરા કલ્યાણનગર ફતેહગંજ વિસ્તારમાં હોય તેવી ચોક્કસ બાતમીના આધારે આરોપી સમીર દેડકીને ઝડપી પાડી બી ડીવીઝન પોલીસને સોંપવામાં આવ્યો.

મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ મરણ અરજી નં. ૬૦૦/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ–રાઠવા હરીચાભાઈ જેદુભાઈ, હે.આંબાખુંટ, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ–જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, આંબાખુંટ, આંબાખુંટ, ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જિ. પંચમહાલ

–:: હુંકમ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના ભાભી નામે રાઠવા સુમનીબેન જનીયાભાઈ નુ મરણ તાઃ૦૧/૦૨/૨૦૦૩ ના રોજ રહે.આંબાખુટ તા.ઘોઘંબા જી.પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની ભાભી ના મરણ ની નોંધ સામાવાળાના મરણ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારનીઆગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૨૮ મી ફેબુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ મરણ અરજી નં. ૬૧૨/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ–રાઠવા હિંમતભાઈ ખુમાનભાઈ, રહે. ગરમોટીયા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ–જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગરમોટીયા, ગરમોટીયા, ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જિ. પંચમહાલ

–:: હુંકમ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે રાઠવા રીદ્ધીબેન હિંમતભાઈ નો જન્મ તાઃ૦૭/૧૦/૨૦૨૩ ના રોજ રહે. ગરમોટીયા, તા. ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૨૮ મી ફેબુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ મરણ અરજી નં. ૬૧૩/૨૦૨૫ તા.૨૮/૦૨/૨૦૨૫

અરજદારઃ– નાયકા શંકરભાઈ ધુળાભાઈ,રહે. વાંગરવા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ–જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, વાંગરવા,વાંગરવા, ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જિ. પંચમહાલ

–:: હુંકમ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પૌત્રી નામે નાયકા અનિતાબેન જનાભાઈ નો જન્મ તાઃ૦૯/૦૪/૨૦૧૬ ના રોજ રહે.વાંગરવા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પૌત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન– ૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાંવાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારનીઆગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો. આજ તાઃ૨૮ મી ફેબુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા

મે.ઘોઘંબાના મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.ઘોઘંબા

જન્મ મરણ અરજી નં. ૬૧૫/૨૦૨૫ તા.૨૪/૦૨/૨૦૨૫

અરજદારઃ–રાઠવા હિંમતભાઈ ખુમાનભાઈ, રહે. ગરમોટીયા, તા.ઘોઘંબા, જિ.પંચમહાલ

વિરૂદ્ધ

સામાવાળાઃ–જન્મ મરણ રજીસ્ટ્રાર, તલાટી કમ મંત્રીશ્રી, ગરમોટીયા, ગરમોટીયા, ગ્રામ પંચાયત, તાઃ–ઘોઘંબા, જિ. પંચમહાલ

–:: હુંકમ ::–

આથી જાહેર જનતાને તેમજ લાગતા વળગતા હિત ધરાવતાં તમામ ઈસમોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે,ઉપરોકત વિષયના અરજદારના પુત્રી નામે રાઠવા પ્રિયંકાબેન હિંમતભાઈ નો જન્મ તાઃ૧૪/૦૨/૨૦૨૦ ના રોજ રહે. ગરમોટીયા, તા.ઘોઘંબા, જિ. પંચમહાલ ખાતે થયેલ તેવું અમારી સમક્ષ જાહેર કરી અરજદારે તેમની પુત્રી ના જન્મની નોંધ સામાવાળાના જન્મ રજીસ્ટરે કરાવવા સારૂ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે.વાસ્તે સદરહું અરજદારની અરજી સામે, જે કોઈ લાગતા વળગતા ઈસમોને વાંધો તકરાર હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન–૩૦(ત્રીસ) માં અત્રેની કોર્ટ સમક્ષ પોતાના વાંધા તકરાર રજૂ કરવા. જો મુદતમાં વાંધો તકરાર રજૂ કરવામાં નહી આવે તો આ કોર્ટ સદર અરજી અંગે નિયમોનુંસારની આગળની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.આજ તાઃ૨૮ મી ફેબુઆરી સને ૨૦૨૫ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુંકમથી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને
મામલતદાર ઘોઘંબા